# શહેરમાં ઠંડા પવનના પગલે ઠંડીનો પ્રકોપ યથાવત

**ઠંડા પવન સાથે લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ઘટાડો થતાં વસાહતીઓ ગરમ વસ્ત્રોમાં લપેટાયેલા નજરે ચઢ્યા : જનજીવન પર ઘેરી અસર**

ગાંધીનગર, તા. ૧૫

એક દિવસ ઠંડીમાં રાહત મળ્યા બાદ પુનઃ લઘુત્તમ તાપમાન ૧૧.૪ ડિ.સે. સુધી ગગડી જતાં વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાયા હતા. ઠંડા પવનો સાથે ઠંડીનો પ્રકોપ યથાવત રહેતા જનજીવન પર તેની ઘેરી અસર જોવા મળી હતી.

ઠંડી તેની તીવ્રતા બતાવી રહી છે. ડિસેમ્બર માસ જેમ જેમ પૂર્ણતા તરફ ગતિ કરી રહ્યો છે તેમ તેમ ઠંડી વધને વધુ આકરી બની રહી છે. ઉત્તર ભારત અને કાશ્મીરમાં બરફવર્ષા થયા બાદ ગુજરાત સહિતના મેદાની વિસ્તારમાં કડકડતી ઠંડી પડી રહી છે. ઠંડીની સાથે જ પવનનું જોર રહેતા ઠંડી વધુ અનુભવાય છે. ગઈકાલે ઠંડીમાં સહેજ રાહત અનુભવાયા બાદ આજે પુનઃ લઘુત્તમ તાપમાન બે ડિગ્રી જેટલુ ગગડ્યુ હતુ. લઘુત્તમ તાપમાન ૧૧.૪ ડિ.સે. નોંધાયુ હતુ. લઘુત્તમ તાપમાનની સાથે મહત્તમ તાપમાનમાં પણ સારો એવો ઘટાડો નોંધાયો છે.

મહત્તમ તાપમાનના ઘટાડા સાથે ઠંડો પવન ફૂંકાતા વસાહતીઓને દિવસ દરમ્યાન પણ ગરમ વસ્ત્રોમાં લપેટાઈને ફરવુ પડે છે. દ્વિચક્રી વાહનચાલકો વધુ મુશ્કેલી અનુભવી રહ્યા છે. દિવસ દરમ્યાન ઠંડીને દૂર કરવા સૂર્ય પ્રકાશનો આશરો લઈ શકાય છે. પરંતુ રાત પડતા જ ઠંડીના ચમકારા સાથે ઘરમાં જ ભરાઈ જવુ પડે તેવી સ્થિતિ સર્જાય છે. ખાસ કરીને વૃદ્ધો અને બાળકો ઠંડીની અસર વધુ ભોગવે છે. હવામાન વિભાગે હજુ આગામી દિવસોમાં વધુ ઠંડી પડવાની આગાહી કરી છે.



## આગામી દિવસોમાં ગાત્રો થીજવતી ઠંડી પડશે : અંબારામ

ઠંડીની શરૂઆત થઈ છે ત્યારે ખેડૂત ભાઈઓ માટે શિયાળુ મોલની અનુકૂળતા ઉભી થઈ ગણાય. ભૌગોલિક બાબતો, ગ્રહો તેમજ અન્ય આધારે જોતાં તા. ૧૬, ૧૭ પશ્ચિમી વિક્ષેપની અસર જણાય. જ્યારે તા. ૧૮ થી ૨૦માં આકરી ઠંડી પડે. તા. ૨૩ થી ૨૫ દેશના ઉત્તરીય પર્વતિય પ્રદેશોમાં ભારે હિમવર્ષા થાય જેની અસર તળે વાદળો આવે અને પુનઃ પશ્ચિમી વિક્ષેપની અસર થાય. તા. ૨૬, ૨૭, ૨૮ ગાત્રો થીજવતી ઠંડી પડે. તા. ૩૧ સુધીમાં પશ્ચિમી વિક્ષેપની અસર થતાં વાદળવાયુ જણાય. ઉત્તર અરબ સાગરમાં હળવા પ્રકારના દબાણો ઉભા થવાની શક્યતા રહેશે. અફઘાનીસ્થાનની સિંધ તેમજ દેશના પશ્ચિમ ભાગનું હવામાન કથળી જાય. આ અરસામાં વાદળો પણ આવે અને કડકડતી ઠંડી પણ પડે. જેમાં ઉત્તર ગુજરાત મધ્ય ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં ગાત્રો થીજવતી ઠંડી પડે. ન્યુનતમ તાપમાન ૮ ડિગ્રી સેલ્સીયસથી પણ નીચે જવાની સંભાવના રહે. જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, દિલ્હી, હરીયાણા અને રાજસ્થાનના ભાગોમાં ન્યુનતમ પારો ઘણો ગગડી જાય. દિલ્હીના ભાગોમાં ન્યુનતમ તાપમાન ૬ ડિગ્રીથી પણ નીચુ જવાની સંભાવના રહે. હિમાચલના ભાગો જમ્મુ-કાશ્મીરના ભાગોમાં ન્યુનતમ તાપમાન જીરો ડિગ્રીથી નીચુ જવાની સંભાવના રહે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**સાહેબ, આટલા બધા દેશની વાનગીઓ બનાવડાવી એ તો બરાબર... પણ હવે એ કહો કે વર-ઘોડીયા ક્યા દેશનાં છે...?**

# પેપર લીક કૌભાંડના બે આરોપીઓને જીપીએસસીનુ પેપર આપવા જામીન મળ્યા

**જીપીએસસીની પરીક્ષા આપવા માટે પેપર પૂર્ણ થાય ત્યાં સુધીના જમીનની માંગણી કરી હતી : પોલીસ જાપ્તા હેઠળ બંને આરોપીઓને પરીક્ષા કેન્દ્ર સુધી લઈ જઈને પરત જેલમાં લાવવામાં આવશે**

ગાંધીનગર, તા.૧૫

સમગ્ર રાજ્યમાં ચકચાર મચાવી દેનાર લોક રક્ષક પેપર લીક કૌભાંડના બે આરોપીઓને આવતીકાલે રવિવારે યોજાનાર જીપીએસસીની પરીક્ષા આપવા જવા દેવા માટે વચગાળાના જામીન મળ્યા છે. આ કેસમાં પકડાયેલા આરોપીઓ પૈકી સેન્ટ્રલ જેલ હવાલે મોકલી દેવાયેલા બે આરોપીઓને આવતીકાલે જીપીએસસીની પરીક્ષા આપવાની હોવાથી કોર્ટમાં વચગાળાના જામીન મેળવવા માગ કરી હતી. બંને આરોપીઓને પોલીસ જાપ્તા હેઠળ પરીક્ષા કેન્દ્ર સુધી લઈ જવા અને ત્યાંથી પરત સેન્ટ્રલ જેલ લઈ આવવામાં આવશે.

ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં ખળભળાટ મચાવી દેનાર પેપર લીક કૌભાંડમા ગાંધીનગર પોલીસે અત્યાર સુધી તે જેટલા આરોપીઓને પકડી પાડયા છે તેમાં મોટાભાગના પરીક્ષાર્થી ઉમેદવારો પકડાયા છે, એક પણ મોટા માથા પકડાયા નથી. ગાંધીનગર પોલીસે પકડેલા આરોપીઓ પૈકી જે આરોપીઓના રિમાન્ડ પૂર્ણ થયા તેમને સેન્ટ્રલ જેલ હવાલે મોકલી દેવામાં આવ્યા છે. સેન્ટ્રલ જેલની હવા ખાઈ રહેલા આ આરોપીઓ પૈકી બે આરોપી ઉત્તમસિંહ ભાટી અને રાજેન્દ્રસિંહ વાઘેલા બંનેને જીપીએસસીની પરીક્ષા આપવાની છે. આવતીકાલે રવિવારે યોજાનાર જીપીએસસીની પરીક્ષામા આ બંને ઉમેદવારો પેપર આપી શકે તે માટે બંનેએ વકીલ મારફતે કોર્ટ માં વચગાળાના જામીન મેળવવા અરજી કરી હતી. આજે થયેલી સુનાવણીમાં આ બંને ઉમેદવારોને જીપીએસસીની પરીક્ષા આપવા જવા દેવા માટેની મંજૂરી આપી હતી. વચગાળાના જામીન મેળવનાર આ બંને આરોપીઓ આવતીકાલે યોજાનાર જીપીએસસીની પરીક્ષામાં પેપર આપવા જશે. જો કે આ બંને આરોપીઓ ને સેન્ટ્રલ જેલ ખાતેથી પોલીસ જાપ્તામાં લઈ જવામાં આવશે અને જેવું પેપર પૂરું થશે તેવા આ બંને આરોપીઓને પોલીસ જાપ્તામાં જ પરત સેન્ટ્રલ જેલ લઈ જવામાં આવશે.

# વાવોલ - જીઆઈડીસી માર્ગ પર ગટરોનુ દુષિત પાણી ફરી વળ્યુ, રહીશો ત્રસ્ત

**છેલ્લા ચાર દિવસથી સમસ્યાનો નિકાલ આવતો નથી : ગુડા અને ગ્રામ પંચાયતની વચ્ચે અરજદારો ધક્કે ચઢયા**

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગર નજીક વાવોલ થી જી આઈ ડી સી તરફ જવાના માર્ગ પર ગટરનુ દુષિત પાણી ઉભરાતા સ્થાનિકો પરેશાન છે. સાલીન ૨ પાસે છેલ્લા ચાર દિવસથી નર્કાગાર જેવી સ્થિત થતા રહીશો ગુંગળામણ અનુભવી રહ્યા છે. આ અંગે સ્થાનિકોએ ગુડા અને ગ્રામ પંચાયતને પણ અનેકવાર રજુઆત કરી હોવાછતા પ્રશ્નનુ નિરાકરણ આવતુ નથી પરંતુ એકબીજાને ખો આપવાની નિતી અપનાવાય છે.

શહેરના સે-૧ થી ૩૦ સેકટરોની સાથે આસપાસના ગામોમાં પણ ગટરો ઉભરાવાની સમસ્યાથી રહીશો ત્રાહીમામ થઈ ગયા છે. વાવોલમાં છેલ્લા કેટલાક સમયથી રસ્તાના કામો પણ પુરજોશમાં હાથ ધરવામાં આવ્યા હતા જયારે આ દરમિયાન પણ ગટર લાઈનમાં ખામી સર્જાવાની સાથે કેબલો પણ કટઓફ થતા હોવાથી સ્થાનિકોએ હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. જયારે હાલ વાવોલથી જી આઈ ડી સી તરફ જતા માર્ગ પર શાલીન -૨ નજીકના વિસ્તારમાં ગટરો ઉભરાતા સ્થાનિક રહીશો પરેશાન થઈ ગયા છે. છેલ્લા ચાર દિવસથી આ વિસ્તારમા ગટરોનુ દુષિત પાણી હિલોળા લઈ રહ્યુ છે. આ મામલે જાગૃત નાગરિકોએ ગુડાના તંત્ર સમક્ષ રજુઆત કરતા આ સમસ્યા ગ્રામ પંચાયતની હોવાનુ કહીને ટાળવામાં આવતુ હોવાનો રોષ પણ સ્થાનિકોએ ઠાલવ્યો છે. જયારે ગ્રામ પંચાયત કક્ષાએથી ગુડાને ખો આપવામાં આવે છે. આ સ્થિતિ વચ્ચે સ્થાનિકોની રજુઆતને ન્યાય મળતો નથી. જયારે સ્થાનિકોએ હાલાકી વેઠવી પડે છે. ગટરનુ દુષિત પાણી માર્ગો પર ભરાયેલુ રહેતા સ્થાનિકોને રોગચાળાનો ખતરો પણ સતાવી રહ્યો છે. સ્થાનિકોએ આ અંગે રજુઆતમાં જણાંવ્યા મુજબ ત્વરિત અસરથી આ મામલે પગલા લેવાય તે અનિવાર્ય છે.

# હવે, કેરોસીન અને ગેસથી ચાલતા ફ્રિઝ બજારમાં વેચાણ થશે

**ગ્રામ્ય વિસ્તારમાં વિજળી ડુલ થતા ફ્રિઝ બંધ નહીં થાય : દિલ્હીની એલાનપ્રો કંપની ટુંકમાં જ આ પ્રકારનુ રેફ્રિજરેટર બજારમાં મુકશે : મોબાઇલ ફ્રિઝર સહીત છોટુ ફ્રિઝની નવી પ્રોડકટ પ્રદર્શનમાં ખુલ્લી મુકાઇ**

ગાંધીનગર તા ૧૫

આગામી દિવસોમાં દેશના ગામડાઓમાં કેરોસીન તેમજ ગેસથી ચાલતા ફ્રીઝ જોવા મળશે. ગ્રામ્ય વિસ્તારમાં વિજળીના ધાંધિયાને અનુલક્ષી લાઈટ ન હોય તેવા કિસ્સામાં પણ ગામડાઓમાં ફ્રિઝની સુવિધા ઉપલબ્ધ થાય તે માટે આ ખાસ રેફ્રિજરેટર તૈયાર કરવામાં આવ્યુ છે. આગામી દિવસોમાં બજારમાં વેચાણ પણ શરુ થઈ જશે.

ગાંધીનગરના આંગણે આયોજિત ખાદ્ય ખોરાક પ્રદર્શનમાં અંદાજિત ૨૫૦ જેટલી કંપનીઓએ ભાગ લીધો છે. રોજબરોજ હજારો




મુલાકાતીઓ આ પ્રદર્શનની મુલાકાત લઈ પોતાના વેપાર ધંધાને પ્રોત્સાહીત કરવા માટે માહીતી મેળવી રહ્યા છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના સહારે વિવિધ ઉપકરણોની શોધના અંતે ઉદ્યોગોને પણ બિઝનેસનો વ્યાપ વધારવા નવી તકો મળી રહી છે. ત્યારે આ પ્રદર્શનમાં પણ ખાદ્ય ખોરાકીને લગતી વિવિધ મશીનરી આમ નાગરિકો માટે પણ આકર્ષણનુ કેન્દ્ર બની રહી છે. આ અંગે દિલ્હી સ્થિત કંપની એલાન પ્રો ના વાઈસ પ્રેસિડન્ટ સંજય જૈને આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે આગામી દિવસોમાં કંપની દ્વારા કેરોસીન તેમજ ગેસથી ચાલતા ફ્રિઝ બજારમાં વેચાણ અર્થે મુકાશે ગ્રામ્ય વિસ્તારમાં લાઈટો ડુલ થતા ગ્રામજનોને આ સેવામાં પરેશાની વેઠવી પડે છે. જયારે કેરોસીન તેમજ ગેસથી સંચાલિત રેફ્રિજેટરના લીધે વિજળી ન હોય તેવા કિસ્સામાં પણ વાંધો આવશે નહીં. એલાનપ્રો કંપનીની બજારમાં ૧૬૦ જેટલી પ્રોડકટ વેચાણમાં છે. જયારે કંપની દ્વારા આ વર્ષે બે નવી પ્રોડકટ લોન્ચ કરવામાં આવી છે. જેમાં મોબાઈલ ફ્રિઝર તેમજ છોટુ ફ્રિજનો સમાવેશ થાય છે. ખાદ્ય ખોરાક પ્રદર્શનમાં આ બે નવી પ્રોડકટ લોન્ચ કરવામાં આવી છે. જેમાં મોબાઈલ ફ્રિઝરની કિંમત ૮૫ હજાર તેમજ છોટુ ફ્રિજ માત્ર




૮૮૦૦ ની કિંમતે બજારમાં વેચાણ અર્થે મુકવામાં આવ્યુ છે. હાલ ફુટ સેફટીના નિયમોમાં બદલાવ આવ્યો છે. જો કે આ મામલે યુરોપ જેવા દેશોમાં ફુડ સેફટીનુ નિયમન વધુ કડક છે. જે અનિવાર્ય છે. ગ્રાહકોમાં પણ ફુટ ક્વોલિટી માટે જાગૃતિ આવે તે જરૂરી છે તેમ પણ તેમણે જણાંવ્યુ હતુ. ખાદ્ય ખોરાક પ્રદર્શનમાં કંપની છેલ્લા ૬ વર્ષથી ભાગ લે છે. જયારે અહીં રોજબરોજ દેશના વિવિધ શહેરમાંથી મુલાકાતીઓ આવે છે. જેમાં પ્રોડકટસના વેચાણ કરતા આમ નાગરિકોમાં જાગૃતિ આવે તે મુખ્ય બાબત છે.

## આજે શ્રી મનોરંજન મ્યુઝીકલ સ્ટુડિયોનો કરાઓકે ટ્રેક શો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરના શ્રી મનોરંજન મ્યુઝીકલ સ્ટુડિયો દ્વારા આવતીકાલે તા. ૧૬ ડિસેમ્બર રવિવારના રોજ વિનામુલ્યે કરાઓકે ટ્રેક શો ‘‘મેરી આવાઝ સુનો’’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સ્પર્ધા ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં બાગબાન રેસ્ટોરન્ટની બાજુમાં સનરાઈઝ આર્કેડ ખાતે શ્રી મનોરંજન મ્યુઝીકલ સ્ટુડિયો ખાતે બપોરે ૧ કલાકે યોજાશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા સંગીત રસિકોએ પોતાની પસંદગીના એક ગીતનો ટ્રેક પેનડ્રાઈવમાં અથવા મોબાઈલ ફોનમાં લઈને સ્ટુડિયોમાં સમયસર ઉપસ્થિત રહેવા જણાવ્યુ છે.

આ સ્પર્ધામાં કોઈપણ વયની વ્યક્તિ ભાગ લઈ શકશે તથા વધુ વિગતો માટે આર.કે. રાવળનો મો. નં. ૯૫૭૪૬-૨૬૮૦૩ અથવા શ્રવણકુમાર પરમારનો ૯૪૨૭૩-૧૮૦૭૩ પર સંપર્ક સાધી શકાશે.

# સ્વચ્છતા મિશન અંતર્ગત બનાવાયેલ શૌચાલયોમાં ભ્રષ્ટ્રાચાર થયો છે : બળદેવજી

**તંત્રએ ભ્રષ્ટ્રાચારનો ઈન્કાર કર્યો પણ કેટલાક ગામોનો વિસ્તાર છુટી ગયાનો સ્વીકાર કર્યો**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં સ્વચ્છતા મિશન અંતર્ગત બનાવવામાં આવેલ વ્યક્તીગત શૌચાલયોમાં ભ્રષ્ટ્રાચારની બદબુ આવી રહી હોવાની ગંભીર ફરિયાદ કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે કરી છે.

જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની આજે મળેલ બેઠકમાં કલોલ અને માણસા તાલુકામાં શૌચાલયો બન્યા સિવાય ચુકવણા કોન્ટ્રાક્ટરોને થઈ ગયાની ફરિયાદ તેમણે કરી હતી.

આ બેઠકમાં તંત્રએ સ્વીકાર કર્યો હતો કે તપાસમાં કેટલાક ઘરો અને વિસ્તાર છુટી ગયાનું ધ્યાને આવ્યું છે. આ અંગે અહેવાલ તૈયાર કરી દેવામાં આવ્યો છે અને જિલ્લા સત્તાવાળાઓ દ્વારા આ બાબતે ટુંકમાં જ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવવામાં આવ્યું છે.

ઠાકોરે કેટલ શેડ યોજનામાં પણ આવો જ ભ્રષ્ટ્રાચાર મંજૂરીથી લઈ ચુકવણી સુધીની વહીવટીય પ્રક્રિયામાં ચાલતો હોવાની ફરિયાદ કરી હતી.

બળદેવજી ઠાકોરે વ્યક્તીગત શૌચાલયોમાં સખી મંડળો સામે અને પેટા કોન્ટ્રાક્ટ રાખનારાઓ સામે પગલાં લેવાની માંગ કરી હતી.

તંત્રએ જણાવ્યુ હતુ કે જે કોઈ જવાબદાર હશે તે બધાની સામે પગલાં લેવામાં આવશે કોઈને પણ બક્ષવામાં આવશે નહિ. મોટી રકમનો ભ્રષ્ટ્રાચાર થયાની વાત તંત્રએ નકારી છે.

તેમણે આજની બેઠકમાં ગામ તળાવની જમીનો પર થયેલા દબાણો સહિતના મુદ્દા ઉપસ્થિત કર્યા હતા અને તંત્ર પર તડાપીટ પ્રશ્નોની બોલાવી હતી.

## જયોતિ મહિલા મંડળ દ્વારા વિસરાતી વાનગી સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૧૫

જયોતિ મહિલા મંડળ ગાંધીનગર દ્વારા રસોઈ શૉ અને વિસરાતી વાનગી સ્પર્ધા યોજવામાં આવેલ છે.

તા. ૨૩મી ડિસેમ્બરે બપોરે બે વાગે ખીમજી વિસરામ હોલ કડી કેમ્પસ ખાતે આ સ્પર્ધા યોજાશે. આ સ્પર્ધા ત્રણ વિભાગમાં રાખવામાં આવેલ છે. જેમાં પ્રથમ વિભાગમાં ૧૬ થી ૨૫ વર્ષની મહિલાઓ, વિભાગ-૨માં ૨૬થી વધુ ઉંમરની મહિલાઓ તથા વિભાગ-૩માં ૧૮ વર્ષથી ઉપરના ભાઈઓ ભાગ લઈ શકશે.

સ્પર્ધામાં ભાગ લેનાર ઈચ્છુક તા. ૨૧મી ડીસેમ્બર સુધીમાં હર્ષાબા ધાંધલ ૮૪૦૧૯ ૦૨૩૩૫, કિન્નરી દવે ૯૪૨૮૭ ૩૦૭૭૧, જયોતિ ઠક્કર ૯૮૨૫૬ ૮૦૯૦૮, કોકિલાબેન નાયક ૨૩૨૨૮૧૧૩ ઉપર નામ નોંધાવી શકશે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે મ્યુનિસિપલ કમિશનર રતનકુંવરબા ગઢવી ઉપસ્થિત રહેશે જયારે ટીવી રસોઈ શૉના નિષ્ણાંત હીના ગૌતમ અને ગીતાબેન ખુમાણ લાઈવ રસોઈનું ડેમોન્સ્ટ્રેશન આપશે. આ પ્રસંગે એવોર્ડ વિજેતા નાટક પણ રજુ કરવામાં આવશે. આ રંગારંગ કાર્યક્રમમાં નગરની તમામ બહેનોનો નિઃશુલ્ક ભાગ લેવા નિમંત્રણ છે.

## ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝયુમર વેલ્ફેર કમિટીના સ્ટેટ લીગલ હેડ તરીકે અશ્વિન ત્રિવેદીનો વરણી સમારોહ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના સેકટર-૧૬માં સમસ્ત બ્રહ્મ સમાજના હોલ ખાતે આગામી તા. ૧૮મી ડિસેમ્બરના રોજ સાંજે ૫ કલાકે ફૂડ એન્ડ ડ્રગ્સ કન્ઝયુમર વેલ્ફેર કમિટીના ગુજરાત રાજય માટેના લીગલ હેડ પદે શહેરના જાણીતા ધારાશાસ્ત્રી અશ્વિન ત્રિવેદીની નિમણુંક માટેના સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં રાજયના નાગરિક અન્ન પુરવઠા મંત્રી જયેશભાઈ રાદડિયા ઉપસ્થિત રહેશે.

# આઉટ સોર્સિંગના કર્મચારીઓને આર્થિક શોષણથી સરકાર બચાવે : નિશીત વ્યાસ

ગાંધીનગર, તા. ૧૫

રાજ્ય સરકારની વિવિધ કચેરીઓમાં આઉટ સોર્સિંગથી રાખવામાં આવતા કર્મચારીઓના થતા શોષણ અંગે પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી નિશીત વ્યાસે રાજ્યના મુખ્યમંત્રીને એક પત્ર પાઠવી આવા કર્મયોગીઓને ન્યાય આપવા રજુઆત કરી છે.

વ્યાસે રાજ્યના મુખ્યમંત્રીને પાઠવેલા પત્રમાં જીઆઈએલ, શ્રમ અને રોજગાર વિભાગના દરોમાં પણ વિસંગતતા હોવાનું બહાર આવ્યું છે. સમાન કામ સમાન વેતનની નીતિનો અમલ કરવામાં તંત્ર નિષ્ફળ રહ્યુ છે પણ કર્મયોગીઓના થતા શોષણને અટકાવવુ જોઈએ તેવી તેમણે માંગ કરી છે.

તેમણે જણાવ્યુ છે કે આઉટ સોર્સ પદ્ધતિથી સ્ટેનો, ક્લાર્ક, ડેટા એન્ટ્રી ઓપરેટર, કોમ્પ્યુટર ઓપરેટર, પટાવાળા વગેરેને તેઓની લાયકાત અને અનુભવને ધ્યાને લીધા વગર માત્ર રૂ. ૮ હજારથી ૧૪ હજાર જેટલુ જ વેતન ચુકવવામાં આવે છે.

આ વેતન મોંઘવારીના આ સમયમાં અપુરતુ હોવાનું જણાવી તેમણે કહ્યુ છે કે સરકાર જ આ રીતે કર્મયોગીઓનું આર્થિક શોષણ મજબુરીને લઈ કરે તે યોગ્ય નથી. તેમણે કેટલીક એજન્સીઓ કર્મયોગીઓ પાસેથી કેટલીક રકમ પડાવી લેતી હોવાની ફરિયાદ પણ આ પત્રમાં કરી છે.

વ્યાસે તેમના આ પત્રમાં જણાવ્યુ છે કે જીઆઈએસ એક આઈ.ટી. ડેવલપમેન્ટ તરીકેની કંપની છે પરંતુ આ કંપનીએ નિયત કરેલા જ પગાર ધોરણ ચુકવવાની મંજૂરી હિસાબી અધિકારીઓ દ્વારા આપવામાં આવે છે. શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા માન્યતા પ્રાપ્ત એજન્સીઓના બિલ નામંજૂર કરવામાં આવે છે.

સરકાર સમાન કામ સમાન વેતન ના આપે તે એક વાત છે પણ તેના વિભાગે મંજૂર કરેલા દર મુજબનું વેતન પણ ન ચુકવાય એ હળહળતો અન્યાય છે. તેમજ એક જાહેર સાહસ દ્વારા નિયત કરાયેલા દરે ચુકવણુ કરવાની વાત કોઈ હિસાબે ગળે ઉતરે તેમ નથી. તેમણે આ મુદ્દે રૂબરૂ મળી એજન્સીઓ જે શોષણ કરે છે તેની વિગતો આપવાની તૈયારી દર્શાવી છે.

## આજે સંસ્કાર ગૃપ દ્વારા હેમંત ઋતુને અનુલક્ષીને પ્રવૃત્તિઓનું આયોજન

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરના સંસ્કાર ગૃપ દ્વારા તા. ૧૬ ડિસેમ્બર રવિવારના રોજ સાંજે ૫ કલાકે હેમંતઋતુને અનુલક્ષીને વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રવૃત્તિઓમાં હેમંતઋતુનો મહિમા, સ્વાસ્થ્ય માટે શું કરવુ તે અંગે ગૃપ ગોષ્ટી, પક્ષીઓ માટે શું હાનિકારક - મોબાઈલ પાવર રેડિએશન કે યુરિયા-પોટાશ જેવા ખાતર ઉપરાંત ઋતુમાં માનવીઓ તેમજ નિશાચર પ્રાણીઓના શિયાળાની ઋતુમાં માનવીઓ તેમજ પાલતુ પ્રાણીઓ પર વધી રહેલા હુમલા અંગે ચર્ચા હાથ ધરાશે.

# પાટનગર માટે જમીન ગુનાવનાર ખેડૂતો માટે તંત્ર બાઈ બાઈ ચાળણીની રમત ના રમે : ચાવડા

**સ્વાતંત્ર્ય સેનાનીઓના પ્લોટ માટે હા કે ના કહો, અથવા ડાયરો યોજવા મંજૂરી આપો ફાળો કરી અમે પ્લોટ ખરીદી આપીશુ સંકલન સમિતિમાં રોષ વ્યક્ત કરતા ચાવડા**

ગાંધીનગર, તા. ૧૫

સંવેદનશીલ સરકારના તંત્રમાં જ ગાંધીનગરની સ્થાપના માટે જમીન ગુનાવનાર અસરગ્રસ્તોના દર્દ અને દેશ માટે લડનાર બે સ્વાતંત્ર્ય સેનાનીઓ પ્લોટની માંગણી લઈ જે રીતે તંત્રમાં ફર્યા કરે છે તે ભાજપની કથની અને કરણીમાં કેટલો ફેર છે તે દર્શાવે છે.

જિલ્લા ફરિયાદ અને સંકલન સમિતિની આજે કલેક્ટર લાંગાના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં ગાંધીનગરના ૩૮થી વધુ અસરગ્રસ્તોને હુકમ થઈ ગયા પછી ૧૨ વર્ષથી પણ વધુ સમયથી દુકાન મેળવવા માટે તંત્રમાં સતત આંટા મારવા પડી રહ્યા છે. તેમણે તંત્ર દ્વારા આ મુદ્દે અપનાવવામાં આવતી બાય બાય ચાળણીની નીતિ બંધ કરી ન્યાય આપવા ઉગ્ર રજુઆત કરી હતી.

બેઠક બાદ તેમણે જણાવ્યુ હતુ કે અસરગ્રસ્તોને દુકાનો જે ફાળવવામાં આવી છે તેમાં માલિકી હક્ક આપવામાં આવ્યો નથી અને ભાડા વસુલવામાં આવે છે. આ અન્યાય સંવેદનશીલ સરકાર કેમ દૂર કરી શકતી નથી.

ડૉ. ચાવડાએ કહ્યુ કે ૨૦૦૨માં સરકારે દુકાન ફાળવણી કરી ત્યારથી બાકી રહેલા ૩૮ અસરગ્રસ્તોના તો પગ હવે કચેરીઓના ધક્કા ખાઈ થાકી ગયા છે. તેમણે આજે સંકલન સમિતિમાં આ મુદ્દે જિલ્લાતંત્ર, પાટનગર યોજના વિભાગે લખેલા પત્રો તેમજ ભાડા વસુલાતની પહોંચો સાથે કરેલી રજુઆતોથી તંત્ર ચોંકી ઉઠ્યુ હતુ.

જિલ્લા કલેક્ટરે આ પ્રશ્નનો ઝડપથી ઉકેલ લાવવાની ખાતરી આપી હતી. ડૉ. ચાવડાએ ગાંધીનગર તાલુકાના ઉનાવા ગામના એક સ્વાતંત્ર્ય સેનાની તેમજ કલોલ તાલુકાના સાંતેજ ગામના વતની અને સ્વાતંત્ર્ય સેનાનીના પ્લોટ મેળવવાની અરજીનો મુદ્દો પણ સંકલન સમિતિમાં રજુ કર્યો હતો.

તેમણે કહ્યુ કે તંત્ર પ્લોટ ફાળવણીની વાતને લઈ ‘ના’ પણ નથી પાડતુ અને પ્લોટ ફાળવવાની કામગીરી પણ કરતુ નથી. આજે તેમણે સંકલન સમિતિમાં જાહેરાત કરી હતી કે તંત્ર ના પાડે તો તેઓ એક ‘‘ડાયરો’’ યોજી અને લોકફાળો ભેગો કરી આ સ્વાતંત્ર્ય સેનાનીઓને પ્લોટ ખરીદવા માટે આપવા ઈચ્છે છે. આ વાત સાંભળી તંત્રના અધિકારીઓ સ્તબ્ધ બની ગયા હતા.

જિલ્લા કલેક્ટરે જણાવ્યુ હતુ કે તેઓ અંગત રીતે આખા કેસનો અભ્યાસ કરી અને ઝડપથી યોગ્ય કાર્યવાહી અને નિર્ણય કરશે તેવી ખાત્રી આપી હતી.

ડૉ. ચાવડાએ જિલ્લામાં તંત્રની ઉદાસીનતા સામે આજે આકરા વેણ કહ્યા હતા. તેમણે કહ્યુ હતુ કે સંવેદનશીલતાની વાતો થાય છે પણ સંવેદનશીલહીન તંત્ર છે અને પ્રજા તેમાં પિડાઈ રહી છે.